# જય આદ્યાશક્તિ Lyrics In Gujarati

જય આધા શક્તિ માં
જય આધા શક્તિ
અખંડ ભ્રહ્માંડ દિપાવ્યા
પડવે પંડિત માં
ૐ જયો જયો માં જગદંબે

મૈયા દ્વિતીય બેય સ્વરૂપ
શિવ શક્તિ જાણું
માં શિવ શક્તિ જાણું

બ્રહ્મા ગણપતિ ગાઉં
બ્રહ્મા ગણપતિ ગાઉં
હર ગાઉં હર માં
ૐ જયો જયો માં જગદંબે

તૃતીયા ત્રણ સ્વરૂપ ત્રિભુવન માં બેઠા માં
ત્રિભુવન માં બેઠા
દયા થકી તરવેણી
દયા થકી તરવેણી
તમે તરવેણી માં
ૐ જયો જયો માં જગદંબે

મૈયા ચોથે ચતુરા મહાલક્ષ્મી માં
સચરાચર વ્યાપ્યા
માં સચરાચર વ્યાપ્યા

ચાર ભુજા ચૌ દિશા
ચાર ભુજા ચૌ દિશા
પ્રગટ્યા દક્ષિણ માં
ૐ જયો જયો માં જગદંબે

મૈયા પંચમી પંચ ઋષિ
પંચમી ગુણ પદ્મા
માં પંચમી ગુણ પદ્મા
પંચ સહસ્ત્ર ત્યાં સોહિયે
પંચ સહસ્ત્ર ત્યાં સોહિયે
પંચે તત્વો માં
ૐ જયો જયો માં જગદંબે

મૈયા ષષ્ઠી તુ નારાયણી
મહીષાસુર માર્યો
માં મહીષાસુર માર્યો
નર નારીના રૂપે
નર નારીના રૂપે

વ્યાપ્યા સઘળે માં
ૐ જયો જયો માં જગદંબે

મૈયા સપ્તમી સપ્ત પાતાળ
સંધ્યા સાવિત્રી
માં સંધ્યા સાવિત્રી
ગૌ ગંગા ગાયત્રી
ગૌ ગંગા ગાયત્રી
ગૌરી ગીતા માં
ૐ જયો જયો માં જગદંબે

અષ્ઠમી અષ્ટ ભુજા
આઈ આનંદા
માં આઈ આનંદા
સુરનર મુનિવર જન્મ્યા
સુરનર મુનિવર જન્મ્યા
દેવો દૈત્યો માં
ૐ જયો જયો માં જગદંબે

મૈયા નવમી નવકુળ નાગ
સેવે નવદુર્ગા
માં સેવે નવદુર્ગા
નવરાત્રી ના પૂંજન
શિવરાત્રીના અર્ચન
કીધા હર બ્રહ્મા
ૐ જયો જયો માં જગદંબે

મૈયા દશમી દશ અવતાર
જય વિજયા દશમી
માં જય વિજયા દશમી

રામે રામ રમાડ્યા
રામે રામ રમાડ્યા
રાવણ રોળ્યો માં
ૐ જયો જયો માં જગદંબે

મૈયા એકાદશી અગિયારસ
કાત્યાયની કામા
માં કાત્યાયની કામા
કામ દુર્ગા કાલિકા
કામ દુર્ગા કાલિકા
શ્યામા ને રામા
ૐ જયો જયો માં જગદંબે

મૈયા બારસે બાળા રૂપ
બહુચરી અંબા માં

માં બહુચરી અંબા માં
બટુક ભૈરવ સોહિયે
કાળ ભૈરવ સોહિયે
તારા છે તુજ માં
ૐ જયો જયો માં જગદંબે

મૈયા તેરશે તુળજા રૂપ
તમે તારુણી માતા
માં તારુણી માતા
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ
ગુણ તારા ગાતા
ૐ જયો જયો માં જગદંબે

ચૌદસે ચૌદા રૂપ
ચંડી ચામુંડા
માં ચંડિ ચામુંડા
ભાવભક્તિ કંઈ આપો
ચતુરાઈ કાંઈ આપો
શિહવાહીની માતા
ૐ જયો જયો માં જગદંબે

પૂનમે કુંભ ભર્યો
સાંભળજો કરૂણા
માં સાંભળજો કરૂણા
વશિષ્ઠ દેવે વખાણ્યાં
માર્કંડ મુનિએ વખાણ્યાં
ગાયે શુભ કવિતા
ૐ જયો જયો માં જગદંબે

મૈયા સોળ સતાવન
સોળસે બાવીસ માં
માં સોળસે બાવીસ માં
સવંત સોળે પ્રગટ્યાં
સવંત સોળે પ્રગટ્યાં
રેવાને તીરે
ૐ જયો જયો માં જગદંબે

મૈયા ત્રંબાવટી નગરી
માં રૂપાવટી નગરી
માં મછાવટી નગરી
સોળ સહસ્ત્ર ત્યાં સોહિયે
સોળ સહસ્ત્ર ત્યાં સોહિયે
ક્ષમા કરો ગૌરી
માં દયા કરો ગૌરી
ૐ જયો જયો માં જગદંબે

શિવશક્તિ ની આરતી જે કોઈ ગાશે
માં જે ભાવે ગાશે
ભણે શિવાનંદ સ્વામી
ભણે શિવાનંદ સ્વામી
સુખ સંપત્તિ થાશે
હર કૈલાસે જાશે
માં અંબા દુઃખ હરશે
ૐ જયો જયો માં જગદંબે

એકમ એક સ્વરૂપ
અંતર નવ ધરશો
માં અંતર નવ ધરશો
ભોળા ભાવનીને ભજતાં
ભોળા અંબે માં ને ભજતાં
ભવસાગર તરશો
ૐ જયો જયો માં જગદંબે

મૈયા ભાવ ના જાણું
ભક્તિ ના જાણું
નવ જાણું સેવા
માં નવ જાણું સેવા
વલ્લભ ભટ્ટને આપ્યા
એવી અમને આપો
તવ ચરણે સેવા
ૐ જયો જયો માં જગદંબે

માંડી મોતીડે વધાવું ને મંગલ ગાઉં
મારી અંબા માને વારણે જાઉં
મારી બહુચર માને વારણે જાઉં
મૈયા આરતી કીજે અંબા તાલ
મૃદન મારે વાંજીત્રો વાગે
એ શોભા મારી અંબે માં ને છાજે
એ શોભા મારી બહુચરમાં ને છાજે
એ શોભા મારી મારી કાળકા માં ને છાજે
એ શોભા મારી તુળજામાને છાજે
મૈયા આરતી કી જે અંબા નૃત્ય કરતા
માને ઉદો ઉદો થાય
ભોળો ભટ્ટ માંને વારણે જાય
સેવકજન માને વારણે જાયે માં
ભારતલીરીક્સ.કોમ
તારા બાલુડા ને સહાય કરો માં
બોલીયે શ્રી અંબે માતકી જય

---

*More Lyrics from* [Soormandir]